DATE :- 18-07-2026

SANDESH, PAGE-07, SURAT

# મેટ્રો સ્ટેશનની એન્ટ્રી-એક્ઝિટ માટે ૧૪૫૫ ચો.મી. જમીન ફાળવાશે

। સુરત ।

સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટને વધુ વેગ આપવા સુરત મહાનગરપાલિકાએ કુંભારિયા વિસ્તારમાં મેટ્રો સ્ટેશનની એન્ટ્રી અને એક્ઝિટ માટે કુલ ૧,૪૫૫ ચોરસ મીટર જમીન ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન(GMRC)ને ૯૯ વર્ષના ભાડા પટ્ટે ફાળવવાની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરી છે. સરકાર અને ગુજરાત મેટ્રો વચ્ચે થયેલા એમઓયુ મુજબ આ જમીન ફાળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

ગુજરાત મેટ્રોએ ભરત કેન્સર હોસ્પિટલ નજીકના મેટ્રો સ્ટેશન માટે પ્રવેશ અને બહાર જવાના માર્ગ વિકસાવવા ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૩૫ (કુંભારિયા-સારોલી-હેમાદ-દેવદ) વિસ્તારમાં બે સ્થળોની જમીનની માંગણી કરી હતી.

તેમાં રસ્તા પૈકીની ૬૮૬ ચોરસ મીટર તથા અન્ય સ્થળે ૭૭૧ ચોરસ મીટર મળી કુલ ૧,૪૫૫ ચોરસ મીટર જમીનનો સમાવેશ થાય છે. દરખાસ્ત મુજબ પ્રવર્તમાન જંત્રી મૂલ્યના આધારે તથા પ્રતિ ચોરસ મીટર રૂ.૨.૫૦ના વાર્ષિક ભાડા દરે આ જમીન ગુજરાત મેટ્રોને ૯૯ વર્ષ માટે ભાડા પટ્ટે ફાળવવામાં આવશે. સ્થાયી સમિતિની મંજૂરી મળ્યા બાદ મેટ્રો સ્ટેશનના એન્ટ્રી-એક્ઝિટ ગેટના વિકાસનું કામ આગળ વધશે, જેના પરિણામે મુસાફરોને વધુસુવિધાજનક અને સરળ અવરજવરનો લાભ મળશે.